**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૭.૪ ડીગ્રી
લઘુતમ : ૧૬.૬ ડીગ્રી
ભેજ
સવારે ૫૦ ટકા ● સાંજે ૩૪ ટકા

# અક્ષરધામમાં ૩૧મી સુધી માત્ર હરીદર્શન

## અક્ષરધામમાં થતા તમામ પ્રદર્શનો, લાર્જ ફોર્મેટ અને મિસ્ટિક ઈન્ડિયા ફિલ્મ શૉ, રાઈડસ, વોટર શૉ તમામ બંધ રહેશે

ગાંધીનગર, તા.૧૭

કોરોના વાયરસનો ચેપ પ્રસરતો અટકાવવા કેન્દ્ર અને રાજય સરકાર અથાગ પ્રયાસ કરી રહી છે. જે માટે અનેક નિર્દેશો જાહેર કરાયા છે. રાજય સરકાર દ્વારા તમામ શાળા, કોલેજ, સ્વિમિંગ પુલ, મોલ બંધ કરવાની સુચના અપાઈ છે જયારે જાહેર સ્થળોએ મેળાવડા કરવાની પણ મનાઈ કરવામાં આવી છે ત્યારે શહેરના તમામ મંદિર દ્વારા પણ સુચનાઓ બહાર પડાઈ છે. અક્ષરધામ ગાંધીનગર ખાતે દર્શન અંગે ૩૧ માર્ચ સુધી વ્યવસ્થામાં ફેરફાર કરવામાં આવ્યા છે. સ્વામિનારાયણ સંસ્થા બી.એ.પી.એસ.ના આંતરરાષ્ટ્રીય સંયોજક સાધુ ઈશ્વરચરણદાસના જણાવ્યા અનુસાર સ્વામિનારાયણ અક્ષરધામમાં આવેલા તમામ પ્રદર્શનો, નીલકંઠ યાત્રા, લાર્જ ફોર્મેટ ફિલ્મ શૉ, મિસ્ટિક ઈન્ડિયા ફિલ્મ શૉ, નૌકાવિહાર પ્રદર્શન, વોટર શૉ તેમજ રાઈડસ સાથે બધું જ બંધ રાખવામાં આવ્યું છે. દર્શનાર્થીઓ માટે ફકત અક્ષરધામ મહામંદિરના દર્શન ખુલ્લા રહેશે પરંતુ સંસ્થા દ્વારા વધુ સંખ્યામાં ભકતોને એકત્રિત ન થવા વિનંતી કરવામાં આવી છે.

### જલારામ મંદિર ખાતે ગુરૂવારનો ખીચડી પ્રસાદ રદ

કોરોના વાયરસના ભયને કારણે ગુજરાત સરકારના નિર્ણય મુજબ ભીડ એકત્રિત ન થાય તે ઉદ્દેશ્યથી જલારામ મંદિર સે-૨૯ ખાતે તા. ૯ માર્ચ ગુરુવાર અને તા. ૨૬ માર્ચ ગુરુવારના રોજ આરતી પછી ખીચડી પ્રસાદનું વિતરણ મુલતવી રાખવામાં આવ્યું છે. જેની સર્વે ભકતજનોને નોંધ લેવા સમાજના પ્રમુખ સેવંતીલાલ જે. ઠકકર દ્વારા જણાવાયું છે. ઉલ્લેખનીય છે કે જલારામ બાપાના મંદિરમાં દરરોજ ચાલતા સદાવ્રતમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યા નથી.

# ફન સ્ટ્રીટમાં મોજ-મસ્તી, ડાન્સ અને ધમાલ સાથે મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું






ગાંધીનગર, તા.૧૭

સંસ્કૃતિ સંસ્થા દ્વારા વિશ્વ મહિલા દિવસ અન્વયે ઘ-૪ સર્કલ પાસે ફન સ્ટ્રીટનું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્કૃતિ સંસ્થાના ચેરમેન મેહુલ ભોજક દ્વારા ફન સ્ટ્રીટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે યંગ સેન્સેશન મિર્ચી ફેમ આરજે રૂહાન કે જે વેબ સિરીઝ દ્વારા ખૂબ પ્રસિદ્ધ છે તેઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. અહીં ગરબા, ડીજે ધમાલ મસ્તી, તલવારબાજી, ઝૂમ્બા જેવી વિવિધ પ્રવૃત્તિઓનું નિદર્શન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગાંધીનગરની વિવિધ ક્ષેત્રની નામાંકિત યુવતીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં ડૉ અનુજા પુરોહિત, નૈસર્ગિ જોશી, ગાર્ગી પસારી, મીતી ભટ્ટ, અંજલી તન્ના, પ્રજ્ઞા ગજજર સહિત ૨૧ યુવતીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ યુવતીઓને ગાંધીનગર મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જીગા બાપુ અને ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાત દ્વારા મોમેન્ટો અને પ્રમાણપત્ર આપી જાહેર સન્માન કરવામાં આવ્યું હતું. ડીજેના તાલે યોજાયેલા આ કાર્યક્રમમાં જેસીઆઈ ગાંધીનગરના પદમસિંહ ચૌહાણ, દિશા પોપટ, વિવેકસિંહ ચૌહાણ, સાત્ત્વિક ત્રિવેદી, નિકુંજ શુકલ વગેરે હાજર રહ્યાં હતાં. ડીજેના તાલે સૌ યુવક-યુવતીઓ ધમાલ-મસ્તી નાચી ઊઠ્યા હતા આ પ્રકારના કાર્યક્રમો યુવાનોને એક અનોખું મંચ પૂરું પાડે છે.

# સે-૨૮ બગીચા પાસેના કેબીનધારકોની ઘ-૫ ફૂડકોર્ટમાં જગ્યા ફાળવવા રજૂઆત

ગાંધીનગર, તા.૧૭

શહેરમાં વર્ષ ૧૯૭૨થી ૧૦ જેટલી કેબીન-ગલ્લાની જગ્યા સેકટર-૨૮ના બગીચા પાસે સરકાર દ્વારા ફાળવવામાં આવી હતી. જેનું નિયમિત ભાડું વેપારીઓ દ્વારા ભરવામાં આવતું હતું ત્યારે દબાણની સમસ્યા ઉભી થતા વેપારીઓ દ્વારા કોર્ટમાં અરજી કરતા કોર્ટ દ્વારા આ જગ્યા પર માઈક્રોશોપિંગ ઉભું કરવા બાબતે હુકમ કરવામાં આવ્યો હતો પરંતુ હજી સુધી તંત્ર દ્વારા આ બાબતે કોઈ પગલા લેવામાં આવ્યા નથી.

સરકાર દ્વારા સે-૨૮ બગીચા પાસે વર્ષ ૧૦૧૨માં ૧૦ કેબીન ગલ્લાની જગ્યા ફાળવવામાં આવી હતી. જયાં વેપારીઓ વર્ષોથી ધંધો કરી રહ્યા છે. વેપારીઓ દ્વારા નિયમિત આ જગ્યાનું ભાડું ભરવામાં આવતું હતું ત્યારબાદ સરકાર દ્વારા ભાડુ લેવાનું બધ કરવામાં આવ્યું હતું. ઉપરાંત દબાણકામગીરીના ભાગરૂપે વેપારીઓ હેરાન-પરેશાન થઈ રહ્યા હતા. આ બાબતે વેપારીઓ દ્વારા અરજી કરવામાં આવતા કોર્ટ દ્વારા હુકમ કરવામાં આવ્યો હતો કે આ જગ્યા કાયમી ધોરણે રાખવી અને દબાણ કરવું નહીં.

ત્યારબાદ સે-૨૮ બગીચાનું સંચાલન કોર્પોરેશનના હાથ નીચે આવતા બાંધકામમાં ફેરફાર થતા એ કેબીન ધારકોને રોજી રોટી મળી શકે તેમ નથી જેથી વેપારીઓએ ફરીથી ઉચ્ચકક્ષાએ રજૂઆત કરી હતી કે વર્ષોથી વેપાર ધંધો કરી રહેલા આ વેપારીઓને તો માઈક્રો શોપીંગમાં સમાવેશ કરવામાં આવે અને ત્યારે તેની આકારણી યાદીમાં નામપણ સામેલ કરવામાં આવ્યું હતું. પરંત તેમાંથી ફકત બે જ કેબીનની ફાળવણી કરવામાં આવી ત્યારે આજદીન સુધી અન્ય વેપારીઓને માઈક્રો શોપીંગમાં જગ્યા નહી ફાળવતા આ ગલ્લાધારકોને ઘ-૫ ફૂડકોર્ટમાં કેબીની ફાળવણી કરવામાં આવી તેવી પુનઃ રજૂઆત કરવામાં આવી છે.




એકટીવ વુમન્સ કલબ અને સ્નેહ કલાવૃંદ દ્વારા તા. ૧૪ માર્ચના રોજ ટવીન બ્રધર્સ પીઝા એન્ડ કાફે ખાતે ફેમીલી હાઉસી યોજાઈ હતી. જેમાં શહેરની બહેનોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. સંસ્થા દ્વારા દરેક વિજેતાને પ્રાઈઝ આપી શહેરના અગ્રણીઓ સાથે સંસ્થાના બહેનો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ભારતીબેન પોપટ તથા સ્નેહા પોપટ ચક્કવર્તી દ્વારા કરવામાં આવ્યું હતું.

**મુવી હાઉસ**

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

**અંગ્રેઝી મીડિયમ**
૧૦.૨૫,૧૧.૩૦, ૧.૩૦, ૨.૩૫, ૪.૩૫, ૫.૪૦, ૭.૪૦, ૮.૪૫, ૧૦.૪૫

**બ્લડ શૂટ**
૧૦.૧૦, ૧૨.૩૫, ૩.૦૦, ૮.૨૦, ૧૦.૪૫

**બાઘી-૩**
૯.૫૫, ૧.૦૦, ૪.૦૫, ૫.૨૦, ૭.૧૦, ૧૦.૧૫

**થપ્પડ**
૭.૦૦

**ગોળ કેરી (ગુજરાતી)**
૧૦.૫૫, ૪.૧૫, ૧૦.૦૦

**શુભ મંગલ ઝયાદા સાવધાન**
૧.૪૦

**પી.વી.આર, સિનેમેકસ, સે-૧૧**

**અંગ્રેઝી મીડિયમ**
૯.૦૦, ૧૦.૦૦, ૧૨.૧૦, ૩.૨૦, ૪.૨૦, ૬.૩૦, ૯.૪૫, ૧૦.૪૫

**બાગી-૩**
૯.૩૦, ૧૨.૪૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૩૦

**ગોળ કેરી (ગુજરાતી)**
૧.૧૦, ૭.૩૦

**બ્લડ શુટ**
૧૧.૩૦, ૨.૦૦, ૪.૩૦, ૭.૦૦, ૯.૩૦

**સિટી પલ્સ, કુડાસણ**

**અંગ્રેઝી મીડિયમ**
૯.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫

**બ્લડ શૂટ** - ૧૦.૧૫, ૧૨.૩૦, ૫.૩૦, ૭.૪૫

**બાઘી-૩**
૨.૪૫, ૬.૩૦, ૧૦.૦૦

**થપ્પડ**
૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

**ગોળ કેરી (ગુજરાતી)**
૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**ચાલ જીવી લઈએ (ગુજરાતી)**
૭.૦૦

# વેસ્ટર્ન રેલવે ટી-૨૦ ટૂર્નામેન્ટમાં ગાંધીનગર કોલ્ટસ ટીમ ચેમ્પિયન

## ‘ટાઈ’ થયેલી રોમાંચક ફાઈનલ મેચમાં આણંદની શારદા સીસી ટીમને પરાજિત કરી : મેન ઓફ ધ મેચ અભિષેક પંડયાના નોટઆઉટ ૮૩ રન અને રાહુલ પટેલની ૧૮ રનમાં ૪ વિકેટ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરના યુવા ક્રિકેટરોએ ફરી એકવાર પાટનગરને ગૌરવ અપાવતું પ્રદર્શન કર્યુ છે. તાજેતરમાં વડોદરા ખાતે રમાયેલી વેસ્ટર્ન રેલવે ટી-૨૦ ટૂર્નામેન્ટ ૨૦૨૦માં ગાંધીનગર કોલ્ટસ ટીમ ફાઈનલ મેચમાં આણંદની શારદા ક્રિકેટ કલબને પરાસ્ત કરી ચેમ્પિયન બની છે. અત્યંત રોમાંચકતા સાથે ટાઈમાં પરિણમેલી ફાઈનલ મેચમાં ટોસના સહારે વિજય પ્રાપ્ત કરનાર ગાંધીનગર કોલ્ટસ ટીમના અભિષેક પંડયાને ૮૩ રનની ધમાકેદાર નોટઆઉ પારી માટે ‘મેન ઓફ ધ મેચ’નો ખિતાબ આપવામાં આવ્યો હતો.

વેસ્ટર્ન રેલવે ટી-૨૦ ટૂર્નામેન્ટ ૨૦૨૦ વડોદરાના પ્રહલાદનગર રેલર ગ્રાઉન્ડ પર રમાઈ હતી જેની ફાઈનલ મેચમાં આણંદની શારદા સીસી





ટીમે પહેલા બેટીંગ કરતા ધ્વનિલના ૪૧ અને વિષ્ણુ સોલંકીના ૩૯ રનની મદદથી ૨૦ ઓવરમાં ૧૮૪ રનો મજબૂત સ્કોર ખડો કર્યો હતો. ગાંધીનગર કોલ્ટસ વતી રાહુલ પટેલે માત્ર ૧૮ રન આપી શારદા સીસીની ૪ વિકેટસ ખેરવી હતી. જયારે જયવીર પરમારે ૩૬ રનમાં ૨ વિકેટસ મેળવી હતી. ૧૮૫ રનના લક્ષ્યાંકનો સામનો કરવા ઉતરેલી ગાંધીનગર કોલ્ટસની ટીમે અભિષેક પંડયાના શાનદારનો ટાઉટ ૮૩ રન જય પટેલના ૫૩ રન અને રોહિત દહિયાના ૨૧ રનની મદદથી ૨૦ ઓવરમાં ૭ વિકેટે ૧૮૪ રન કરતા મેચ ‘ટાઈ’ થઈ હતી. શારદા સીસીવતી વિશાળ જયસ્વાલ અને લુકમાન મેનવાલાએ ૨-૨ વિકેટસ મેળવી હતી. વેસ્ટર્ન રેલવે ટી-૨૦ ટૂર્નામેન્ટના નિયત નિયમો મુજબ ટાઈમાં પરિણમેલી મેચનો નિર્ણય ‘સુપરઓવર’ રમાડવાને બદલે ટોસથી કરવાનો હોય છે તે મુજબ ટોસ કરવામાં આવતા ગાંધીનગર કોલ્ટસ ટીમના ફેવરમાં નિર્ણય આવતા પાટનગરની ટીમ ચેમ્પિયન જાહેર કરવામાં આવી હતી ગાંધીનગર કોલ્ટસ ટીમના અભિષેક પંડયાને ઉત્કૃષ્ઠ પારી બદલ ‘મેન ઓફ ધ મેચ’ જાહેર કરાયા હતા.

**ચિરવિદાય**

- સ્વ. પટેલ જશોદાબેન અંબાલાલ, ઉ.વ. ૬૯
- સ્વ. ઠાકોર મથુજી શંકરજી, ઉ.વ. ૬૭
- સ્વ. ચાવડા અશ્વિનકુમાર મીઠાલાલ, ઉ.વ. ૩૦
- સ્વ. દંતાણી સુરેખાબેન જોરૂભાઈ, ઉ.વ. ૨૦
- સ્વ. મારવાડી બાબુભાઈ વેમાજી, ઉ.વ. ૫૬
- સ્વ. ડાહ્યાભાઈ રામજીભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૬૭

# ‘કોરોના’ : ચાઈનામેડ આ પહેલી આઈટમ આટલી લાંબી ચાલી...!!

## ‘કોરોના’ના કહેર વચ્ચે સોશ્યલ મિડીયા પર નેટીઝન્સ ચબરાકિયું ‘સેનેટાઈઝેશન’

ગાંધીનગર, તા.૧૭

ચોતરફ કોરોનાનો કહેર છે, શેરબજાર ધરાશાયી છે, વેપાર ધંધામાં મંદી છે, પ્રસંગો-સમારંભો પર સરકારે રોક લગાવી દીધી છે, શાલા-કોલેજમાં રજા આપી દેવાઈ છે, મિત્રો સંબંધીઓ વગેરેને વારંવાર મળવામાં પણ જોખમ જણાય છે. આ સ્થિતિમાં કરવું શું? આ પ્રશ્નથી મુંઝાતા નેટીઝન્સ માટે સોશ્યલ મિડીયા ટાઈમ પાસ કરવા માટેનું અસરકારક હાથવગું માધ્યમ છે અને કોઈપણ પ્રકારની ગંભીર પરિસ્થિતિ હોય, સોશયલ મિડીયા પર તેના અંગે જાત જાતની અને ભાતભાતની મજાક વહેતી કરીને તેને હળવી બનાવવી તે તો નેટીઝન્સના આંગળીના ટેરવે રમતી વાત છે. કોરોના વાઈરસ જેવી ભયાનક આપદામાં પણ આવા અઢળક ચબરાકિયાં દિવસ-રાત વાઈરલ થઈ રહ્યા છે જે પૈકીના કેટલાક પસંદગીના અત્રે પ્રસ્તુત છે.

● પત્નિએ પુછયું : તે હેં આ ‘કપૂર’ને કારણે વાઈરસ જતો રહે?

પતિ : અલી, ‘કપૂર’ના કારણે આખે આખી બેંક જતી રહી તો વાઈરસની શી વિસાત?

● બળેલા તેલમાં ભજીયા, ગટરના પાણીથી બનેલી પાણીપુરી, એક જ પત્તીમાંથી કેટલીવાર બની ચુકેલી ચા, ડિટરજન્ટ પાવડરમાંથી બનેલું દૂધ, દૂળવાળા રસ્તા પર ખુલ્લા કાપેલા ફળોની ચાટ, ખાડીના કિનારે વેચાતા શાકભાજી, કયારેય સાફ નહી કરીલે ટાંકીનું પાણી, ચહેરા પરના પરસેવાથી ઢોંસા પર મારેલો તડકો, ખુજલીવાળા હાથે બનેલી ઢાબાની રોટલીઓ, મરેલા મચ્છરોની ચાસણીમાંથી બનેલી જલેબીઓ અને વધેલા નખથી મસળેલા માવાની મિઠાઈ...

આ બધું ભારતીયોનો વાળ વાંકો નથી કરી શકયું તો આ ચીની કોરોના વાઈરસ આપણું શું બગાડી લેવાના છે?

● બે મુખ્ય સમાચાર...

૧. દારૂ પીવાવાળાને કોરોના નથી થતો.

૨. ગુજરાતમાં એક પણ કોરોનાનો કેસ નથી.

● ડેન્ગ્યુના મચ્છરે એના છોકરાને કીધું... બેટા, કોરોનાનો કોર્ષ કરી લે, કેરિયર એમાં છે.

● ઘરવાળીને કહ્યું કે તું મોંઢે માસ્ક કેમ પહેરતી નથી? તો એણે કહ્યું કે ‘પછી હું મોઢું ચઢાવીને ફરું તો તમને તેનો ખ્યાલ કયાંથી આવશે?’

● કરીના અને કોરોનામાં શું તફાવત છે?

કરીનાએ ‘સેફ’ને લપેટમાં લીધો છે.. જયારે... કોરોનાની લપટમાં કોઈ પણ ‘સેફ’ નથી.

● આ તો પડોશી છે કે પનોતી, પાકિસ્તાનવાળા ભીડ મુકે અને ચીનવાળા કોરોના મુકે... જે દિવસે ભારતવાળાનું મગજ ગયું ને તે દિવસે માતા મુકશે માતા....!!

● કોરોના વાઈરસ ગુજરાતમાં પગપેસારો શા માટે ના કરી શકયો તેનું કારણ મળી ગયું... કારણ છે વિજ્ઞાનીએ પુષ્ટિ કરી કે સંક્રમિત હાથમાં વારંવાર માવો ઘસવાથી કોરોના વાઈરસ મૃત્યુ પામે છે.

● ટોયલેટ ગયા પછી હાથ ધોવા કરતા ટોયલેટ ગયા પેલા હાથ ધોજો

બાકી કોરોના ને શું છે ઈતો ગમે ત્યાંથી રસ્તો કરી લેશે...

● મહેરબાની કરીને મને કોરોના બાબતે લેટેસ્ટ માહિતી મોકલવા વિનંતી...

છેલ્લી ૩ મિનિટથી મને કોરોના અંગેના કોઈ મેસેજ મળ્યા નથી તો મને ચિંતા થાય છે કે હું એકલો વધ્યો નથી ને!

● એક રજા એપ્લિકેશન

પ્રિય એચ.આર.

હું કોરોના વાયરસથી પીડિત છું અને તમને વિનંતી કરું છું કે તમે મને ૨૦ દિવસની પુરા પગારે રજા આપો નહીંતર હું ઓફિસ આવીશ...

● ડર કા માહોલ કુછ ઈસ તરફ બના હુવા હે ગાલિબ...!કી

‘કેરીનો રસ’ લખેલાય ‘કોરોના વાયરસ વંચાતા હે’




● વાઈફ વેલણ લઈને માથાકુટ કરવા આવતી જ હતી ત્યાં મેં ખાંસી ખાધી ને અડધેથી પાછી વળી ગઈ...

કોરોનાએ તો જીવ બચાવી લીધો...

● અફવાઓથી સાવધાન, કોરોના વાઈરસને પગલે ફકત શાળા-કોલેજ અને મોલ-મલ્ટિપ્લેકસ બંધ છે, દારૂના અડ્ડા તો રાબેતા મુજબ ચાલુ જ છે.

- ભીખો દારૂવાળો

● ગ્રાહક : ડેટોલ સાબુ છે?

દુકાનદાર : હા

ગ્રાહક : તો હાથ ધોઈને ૨ કિલો બાજરીનો લોટ આપો...!!

● કોઈએ જો ફુલ બૉડી ચેકઅપ કરાવવું હોય તો એરપોર્ટ પર જઈને માત્ર એક છીંક ખાવાની જરૂર છે.. ભાડમાં જાય પેલા પેકેજવાળા!!

● કોરોનાથી નહી મરે એટલા શેર બજારથી મરશે... લખી લેજો.

● ભૂરો : યાર કંટાળી ગયો, કોઈ પણ વ્યકિતને ફોન કરું પહેલા ફોન કેજરીવાલને જ લાગે છે..!!

# કોરોના કોલર ટયુન

● કોઈક તો પેલો મેસેજ મને મોકલો, જે ૧૧ જણને મોકલવાથી ‘કોરોના’ વાઈરસનો ચેપ નહીં લાગે... આતો ગઈકાલની જરા ઉધરસ આવે છે એટલે કીધું...

● હદ થઈ ગઈ, કામવાળી બાઈનો ફોન આવ્યો હતો કે ‘વર્ક ફ્રોમ હોમ’ કરવાનું છે જેમાં એંઠા વાસણ મારા ઘરે મોકલવાની જવાબદારી તમારી રહે છે.

● બડી તન્હા સી બેપરવાહ ગુજર રહી થી જિંદગી!

ગાલિબ, અબ યે આલમ હૈ કિ એક છીંક ભી આ જાયે તો દુનિયા ગૉર સે દેખતી હે.

# કોરોના વાયરસ

● એક બહેન પકોડીવાળાને... આજે પકોડી પહેલા જેવી ટેસ્ટી નથી લાગતી...

પકોડીવાળો : હમણાં ‘કોરોના’ ચાલે છે તો વારંવાર હાથ ધોવા પડે છે.

● કોરોનાના લાભ
- શોપીંગ બંધ
- મોલમાં જવાનું બંધ
- થિયેટરમાં જવાનું બંધ
- બહાર ફરવા જવાનું બધ
- હોટલમાં ખાવા જવાનું બંધ
- અને મોઢા પર માસ્ક લગાવી રાખવાનું જેથી બોલવાનું બંધ અને ચઢેલું મોઢું જોવાનું બંધ.

કોરોના, તુમને વો કર દિખાયા જો અચ્છે અચ્છે ના કર સકે.

● મલેરિયા કે મચ્છરને અપને બેટે સે કહા...

કોરોના કા કોર્સ પર પગલે, ઉસમેં કરિયર હે...!

● નાનપણમાં કોઈ કહેતું કે મારો દિકરો ફલાણા દેશમાંથી આવ્યો છે તો આખું ગામ જોવા જતું હતું. અત્યારે કોઈ કહે તો આખી સોસાયટી ખાલી થઈ જાય છે... સમય સમયની વાત છે.

● માન્યું કે ચાઈનાવાળાની આંખો થોડી ઓછી ખુલે છે, પણ સાલાએ આખી દુનિયાની આંખો ખોલી નાંખી છે.

● ‘કોરોના’નો ત્રાસ હજુ પણ બીજા નંબરે છે. આવું પરણેલા પુરુષોનું માનવું છે.

● યાદ કરો, શિક્ષકો તમે તીડ ભગાડયા હતા, તમારામાં ‘કોરોના’ ભગાડવાની શકિત છુપાયેલી છે. (શિક્ષક કભી સાધારણ નહીં હોતા)

● પત્નિએ પતિને ફોન કર્યો, કોરોનાની કોલરટયુન પુરી થઈ ત્યારે પતિએ ફોન ઉપાડયો એટલે પત્નિના પહેલા શબ્દો હતા, ‘સિગરેટો ઓછી કરો, કેટલી ઉધરસ આવે છે.’

● કોરોના બોરોના કાંઈ નથી, યમરાજને પણ માર્ચ એન્ડ ચાલે છે,ટાર્ગેટ પુરો કરવાનો છે એટલે સમજી જાવ.

● ‘સાહેબ તમે તો વર્ષોથી શેરબજારમાં જાઓ છો?’ ‘કેવું ચાલે છે?’

‘શું વાત કરું ભાઈ... અત્યાર સુધી જતો હતો ત્યારે શ્વેતાંબર હતો, આજે હું ‘દિગંબર’ થઈ ગયો છું.’

● મંદિરમાં આરતી પછી પુજારીએ હથેળીમાં બે ટીંપા નાંખ્યા... મેં ચાખીને કીધું ‘પુજારીજી આતો કડવું છે,’ તો પુજારી બોલ્યા ‘ડફોળ એ સેનેટાઈઝર છે, પહેલા હાથ સાફ કરી લે પછી, પ્રસાદી આપું.’

● ‘મનેય કોરોના થવાની તૈયારીમાં હતો, મેં ફટાફટ ચેનલ બદલી દૂરદર્શન ચાલુ કરી દીધું, હવે હું પોદળામાંથી ખાતર બનાવવાનું શીખી રહ્યો છું.’

● હવે ખબર પડી કે દારૂપીવાવાળા પહેલા છાંટા કેમ નાંખે છે, આલ્કોહોલથી એરિયા સેનિટાઈઝ કરતા હોય છે.

● ‘કોરોના’ : ચાઈનામેડ આ પહેલી આઈટમ આટલી લાંબી ચાલી.